# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૧૮–૭–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના તા.૩–૬–૨૦૨૪ થી તા.૭–૬–૨૦૨૪ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૦૨. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના તા.૧૦–૬–૨૦૨૪ થી તા.૧૫–૬–૨૦૨૪ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૦૩. ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, નામદાર ગુજરાત સરકારશ્રીના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસીંગ વિભાગના તા.૨૨–૬–૨૦૦૭ ના નોટીફીકેશનથી નકકી કરવામાં આવેલ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ સમિતિના કાર્યો, ફરજો, કાર્યક્ષેત્ર તથા કાર્યવાહી અંગેના નિયમો–૨૦૦૭ ના નિયમ–૪(૬) અનુસાર દરખાસ્તના પત્રકમાં દર્શાવેલ અ.નં.૧ અને ૨ માં જણાવેલ વિગતેના જે તે વોર્ડ સમિતિના ઠરાવોની જાણ લેવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોનમાં સમાવિષ્ટ નવા વિસ્તારો ટી.પી. સ્કીમ નં.૨૩, ૪૬, ૬૬, ૭૦, ૮૩, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કોસાડ, આવાસ, ગામતળ વિસ્તારો તેમજ નવા હદ વિસ્તરણ બાદ સમાવિષ્ટ થયેલ સેગવા–સ્યાદલા, વસવારી અને ગોથાણ વિસ્તારોમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મુજબના વિવિધ રીઝર્વેશન પ્લોટ તેમજ ટી.પી. રસ્તાનો સર્વે અને ડીમાર્કેશન કરી નકશા તૈયાર કરી પુરા પાડવાના કામે આવેલ કુલ–૩ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર ઈજારદાર બિટ્ટ આર્ક એન્જિનીયર્સને રૂા.૧૫,૦૦,૦૦૦/– ના ખર્ચની મર્યાદામાં ઉકત કામ સોંપવા તથા દરખાસ્તના પરિશિષ્ટ–બ માં જણાવેલ ભાવને આગામી ૧ (એક) વર્ષ અથવા નવા યુનીટ રેઈટનું ટેન્ડર મંજુર ન થાય ત્યાં સુધી એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી યુનીટ રેઈટ તરીકે મંજુર કરવા તેમજ સદર મંજુર થયેલ યુનીટ રેઈટ મુજબ અન્ય તમામ ઝોનમાં જરૂર જણાયે આવા પ્રકારની કામગીરી કરાવવા મ્યુ.ક.શ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, ડ્રેનેજ ખાતા તથા ઝોનના ઉપયોગ માટે પ્રિ–કાસ્ટ આર.સી.સી. રાઉન્ડ મશીનહોલ ફ્રેમ અને કવર પુરા પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર ગુજરાત ફાયબર રેઈન્ફોર્સમેન્ટ કોંક્રીટ એન્જીનીયર્સનું કુલ રૂા.૯૭,૧૫,૦૧૮–૫૦ (જી.એસ.ટી. સહિત) નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૭–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં સ્વચ્છ ભારત સર્વેક્ષણ–૨૦૨૪ ના ભાગરૂપે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, હેલ્થ સેન્ટર અને વોર્ડ ઓફીસમાં જરૂરીયાત મુજબ રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર સૌબાન એસ. મંડપવાલાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૨,૩૧,૯૯૪–૪૧ થી ૧૫% નીચુ એટલે કે રૂા.૩૫,૯૭,૧૯૫–૨૫ નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૭–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી.૪૧ (ડીંડોલી) અને ટી.પી.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓ ઉપર ફુટપાથ, સી.સી. કર્બ, પેવર બ્લોક, વોટર ટેબલ સેટ–રીસેટ અને જરૂરી મરામત/નિભાવ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૭૩૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે કરવા સંમતિ આપનાર કુલ–૬ ઈજારદારો (૧) નંદિની કોર્પોરેશન, (૨) મહેન્દ્ર એ. પટેલ, (૩) મે.શ્રીનાથ કન્સ્ટ્રકશન, (૪) સૌબાન એસ. મંડપવાલા, (૫) ભરત કોર્પોરેશન અને (૬) રાધે કન્સ્ટ્રકશન પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૪૯,૮૫,૯૯૦–૨૩ થી ૨૭.૮૭% નીચા ભાવે એટલે કે રૂા.૩૫,૯૬,૩૯૪–૭૫ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી. સ્કીમ નં.૩ (કતારગામ), ફા.પ્લોટ નં.એમ–૫ ખાતે આવેલ સ્વીમીંગ પુલના હયાત એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગના હયાત મકાનની સ્ક્રેપ વેલ્યુ રૂા.૪૩,૯૦૮/– મંજુર કરવા તથા સદર કામે આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૯–૭–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી. સ્કીમ નં.૧૮ (કતારગામ), ફા.પ્લોટ નં.૧૩૪ ખાતે આવેલ વેડ અર્બન હેલ્થ સેન્ટર તથા અખંડ આનંદ વોર્ડ ઓફીસના હયાત મકાનની સ્ક્રેપ વેલ્યુ રૂા.૨,૧૮,૬૭૪/– મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૬–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. ધ્વારા "ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ" બહાર પાડવા સંદર્ભે રૂા.૨૦૦ કરોડના "ગ્રીન ડેબ્ટ સીકયુરીટી" અંગે ઈસ્યુ બહાર પાડવા તથા તેને આનુષાંગિક સ્ટ્રકચર પેમેન્ટ મીકેનીઝમ, ફંડ એસ્ક્રો, ડ્રાફટ ટર્મ શીટ વિગેરે અંગે વહીવટી મંજુરી આપવા બાબતે સા.સ.ઠ.નં.૫૦/૨૦૨૪ થી મંજુર થયેલ એનેક્ષર–બી (ડ્રાફટ ટર્મ શીટ સ્ટ્રકચર પેમેન્ટ મીકેનીઝમ સહિત–પ્રાઈવેટ પ્લેસમેન્ટ) ના બદલે ઈસ્યુના પ્રકાર તરીકે પબ્લિક પ્લેસમેન્ટ માટે એનેક્ષર–બી (રીવાઈઝ ડ્રાફટ ટર્મ શીટ સ્ટ્રકચર પેમેન્ટ મીકેનીઝમ સહિત) માં આંશિક સુધારો કરવા તેમજ "ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ" બહાર પાડવા સંદર્ભે પ્રિ એન્ડ પોસ્ટ પબ્લિક ઈસ્યુ પ્રોસીડીંગ્સ બાબતે, એજન્સીની નિમણુંક કરવા, ફી અને ચાર્જીસ વિગેરે નકકી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં સમાવિષ્ટ નવા નોર્થ ડ્રેનેજ ઝોનમાં સમાવિષ્ટ થયેલ ગામોમાં સુએઝ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાના પ્રકલ્પે ગોથાણ ગામમાં સુઅરેજ નેટવર્ક નાંખવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર J.M. Ramani & Co. નું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૭,૯૪,૨૫,૭૪૯–૫૪ થી ૧૧% નીચુ એટલે કે રૂા.૭,૦૬,૮૮,૯૧૭–૦૯ નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૪ નો પત્ર, પશ્ચિમ ઝોનમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ભાઠા (પાર્ટ–એ) વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક પૂરુ પાડવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર જે.એમ.રામાણી એન્ડ કુ.નું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫,૬૯,૩૨,૨૨૮–૨૯ થી ૭.૫૧% નીચુ એટલે કે રૂા.૫,૨૬,૫૬,૬૧૭–૯૫ નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૬–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૭ (આંજણા), ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા), ટી.પી.સ્કીમ નં.૩૪ (ડુંભાલ–મગોબ) અને ટી.પી.સ્કીમ નં.૬૪ (મગોબ–ડુંભાલ) માં આવેલ સુરત મહા.ની વિવિધ મિલ્કતોને કલર કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર હીતેષ જે. પટેલનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૭૦,૧૬૫–૧૦ થી ૩૩.૯૫% નીચુ એટલે કે રૂા.૩૨,૮૧,૩૦૩/– નું ટેન્ડર કબુલ રાખવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૨–૬–૨૦૨૪ નો પત્ર, સુરત શહેરના તાપી નદી ઉપર વેડ–વરીયાવ વિસ્તારને જોડતા રીવર બ્રીજ બનાવવાના કામે તા.૨૮–૬–૨૦૨૩ ના રોજ એપ્રોચ રસ્તો બેસી જવા બાબતેની બનેલ ઘટના સંદર્ભે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧–૩–૨૦૨૪ ના રોજના હુકમના અનુસંધાનમાં દરખાસ્તના મુદ્દા નં.૧ થી ૩ માં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૯૮૮/૨૦૨૪ અનુસાર ઈજારદાર વિજય એમ. મિસ્ત્રી કન્સ્ટ્રકશન પ્રા.લિ., અમદાવાદને ફરી સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૨–૬–૨૦૨૪ નો પત્ર, સુરત શહેરના તાપી નદી ઉપર વેડ–વરીયાવ વિસ્તારને જોડતા રીવર બ્રીજ બનાવવાના કામે તા.૨૮–૬–૨૦૨૩ ના રોજ એપ્રોચ રસ્તો બેસી જવા બાબતેની બનેલ ઘટના સંદર્ભે નામ. હાઈકોર્ટના તા.૨૭–૩–૨૦૨૪ ના રોજના હુકમના અનુસંધાનમાં દરખાસ્તના મુદ્દા નં.૧ થી ૩ માં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૯૮૯/૨૦૨૪ અનુસાર પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ જીઓ ડીઝાઈન્સ એન્ડ રીસર્ચ પ્રા.લી., વડોદરાને ફરી સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

ર્.૨. પરેલ

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૫–૭–૨૦૨૪.